નડિયાદમાં રખડતી ગાયે વધુ એકને અડફેટે લેતા પ્રજામાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ, નડીયાદ એક સપ્તાહ પહેલા માઈ મંદિર ગરનાળા પાસે રખડતી ગાયે મહિલાને શીંગડે ચઢાવી હતી. આ બાદ આજે વધુ એક બનાવ માં શારદા મંદિર ચોકડીની બાજુમાં બે ગાયોએ એક ઈલેકટ્રીક સ્કૂટીના ચાલકને ફંગોળ્યો હતો. આથી ચાલક ગંભીર રીતે ઘાયલ થતાં અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. મળતી માહિતી મુજબ નડિયાદમાં રખડતા પશુઓનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. ખાસ કરીને નગરના હાર્દ સમા રોડ સંતરામ રોડ, કોલેજ રોડ, મિશન રોડ, મીલ રોડ, ડભાણ રોડ સહિત પશ્ચિમના પીજ રોડ, પેટલાદ રોડ વિગેરે વિસ્તારોમાં ગાયોનો આતંક જોવા મળી રહ્યો છે. આ વિસ્તારોમાં ગાયો એટલી હદે સાંજે અને સવારે એકઠી થાય છે કે વાહન ચલાવવું મુશ્કેલ બને છે અને રાહદારીઓને પણ ડરના ઓથા તળે જવું આવવું પડે છે. ખાસ કરીને મોર્નિંગ અને ઈવનીગ વોક કરવા નીકળેલા સિનિયર સિટીઝનોને ગાયોના ટોળાંઓ વચ્ચેથી ભયથી પસાર થવુ પડે છે. શહેરમાં આવા રખડતા ઢોરોને કારણે ભૂતકાળમાં પણ ઘણાં બનાવો બન્યા છે. જેમાં કેટલાક મોતને ભેટ્યા છે તો કેટલાક ઈજાઓ થઈ છે.

એક સપ્તાહ પહેલા જ માઈ મંદિર ગરનાળા પાસે બુલેટ પર જતી મહિલાને એક ગાયે અડફેટે લીધી હતી અને તેણીને નીચે પાડી દીધી હતી. આથી આ મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ ઘટના બાદ એક્શનમા આવેલ પાલિકા તંત્ર અને ઢોર વિભાગ દ્વારા આવા રખડતી ગાયોને માત્ર એક દિવસ પાંજરે પુરી પોતાની કામગીરી દેખાડી હતી. જે બાદ સ્થિતિ જે? સે થેની હાલતમાં જોવા મળી હતી. જેના કારણે આજે એક સપ્તાહમાં ગયાના કારણે આ બીજો અકસ્માત સર્જાયો છે. પાલિકા તંત્ર ભૂતકાળ પાસેથી પણ કોઈ શીખ લીધી ન હોય તેવો ચિતાર જોવા મળ્યો છે.નડિયાદ શહેરમાં રહેતા ભરતભાઈ રસીકલાલ શાહ ગતરોજ સાંજના સાડા સાત વાગ્યાની આસપાસ શહેરના બધિર વિદ્યાલયથી પોતાના ઘરે નંબર વગરનુ ઈલેકટ્રીક સ્કૂટી લઈને આવતાં હતા. ત્યારે નડિયાદ પશ્ચિમમા શારદા મંદિર ચોકડીની બાજુમાં આવેલા રીંગ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ સમયે બે ગાયો એકાએક દોડતી રસ્તા પર આવી આ ઈલેકટ્રીક સ્કૂટી સાથે ભટકાઈ હતી. આથી ચાલક ભરતભાઈ ઉછળીને રોડ પર પટકાતા શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. વધુ સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બનાવ સંદર્ભે ધ્રુમીલ કિશોરભાઈ શાહે નડિયાદ પશ્ચિમ પોલીસમાં અજાણી બે ગાયના માલિક સામે ફરિયાદ નોંધાવી છે.

મુંબઈથી ગુવાહાટી જતી ફ્લાઇટમાં મહિલા સાથે છેડતી

(એજન્સી) નવીદિલ્હી, ફ્લાઈટમાં જાતીય સતામણીનો વધુ એક બનાવ સામે આવ્યો છે, મુંબઈથી ગુવાહાટી જતી મોડી રાતની ફ્લાઈટમાં એક પુરુષ પેસેન્જરે મહિલા સહ મુસાફર સાથે કથિત રીતે છેડછાડ કરી હતી. આ ઘટના ત્યારે બની જ્યારે કેબિનની લાઈટો ઝાંખી પડી ગઈ હતી અને પુરુષ પેસેન્જરે મહિલાને વારંવાર ટોકવા માટે આર્મરેસ્ટ ઉપાડ્યો હતો. આ ઘટના છેલ્લા ત્રણ મહિનામાં બોર્ડ ફ્લાઈટ્સ પર ભારતીય મુસાફરો સાથે સંકળાયેલી પાંચમી જાતીય સતામણીના કેસને ચિહ્નિત કરે છે. એરલાઈને તે વ્યક્તિને પોલીસને સોંપી દીધો છે અને એફઆઈઆર નોંધવામાં આવી છે.

આ ઘટના ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ ૫૩૧૯માં બની હતી જે મુંબઈથી રાત્રે ૯ વાગ્યા પછી ઉપડી હતી અને મધ્યરાત્રિના ૧૫ મિનિટ પછી ગુવાહાટીમાં લેન્ડ થઈ હતી. મહિલા, જે હોસ્પિટલમાં રોકાણમાંથી સ્વસ્થ થઈ રહી હતી, તેની પાસે પાંખની સીટ હતી અને જ્યારે કેબિનની લાઈટ ઝાંખી થઈ ગઈ ત્યારે ઊંઘી જતાં પહેલાં તેણે આર્મરેસ્ટ્સ નીચી કરી દીધી હતી.

આર્મરેસ્ટ ઉપર અને પુરુષ પેસેન્જર તેની નજીક ઝૂકેલા જોવા માટે તે જાગી ગઈ. તેને શરૂઆતમાં તેને ફગાવી દીધો પરંતુ પાછળથી તે પુરુષના હાથ તેના પર અને પોતાને અયોગ્ય રીતે સ્પર્શ કરતો જોવા મળ્યો. મહિલાએ ચીસો પાડી, સીટ લાઈટ ચાલુ કરી અને કેબિન ક્રૂને બોલાવ્યો. મહિલાએ એરલાઈનને ઘટનાની જાણ કરી ત્યારે પુરુષે માફી માંગી.

ઈન્ડિગોએ જણાવ્યું છે કે તેઓએ પેસેન્જરને ગુવાહાટી પોલીસને સોંપી દીધો છે અને તેમની તપાસમાં મદદ કરશે. મહિલાએ એરલાઈન, CISF, એરપોર્ટ સત્તાવાળાઓ અને કેસ નોંધવા માટે પોલીસ સ્ટેશનમાં તેની સાથે રહેલા સાક્ષીનો આભાર વ્યક્ત કર્યો.

આણંદની ૮ તાલુકા પંચાયતમાં આજે ચૂંટણી

બીજી ટર્મના પ્રમુખ - ઉપપ્રમુખ ચૂંટાશે : આંકલાવમાં મતદાનની શક્યતા : સાત તા.પં.માં ભાજપ પાસે બહુમત

(તસ્વીરઃ દેવાંગી ઠાકર)

(પ્રતિનિધિ) આણંદ, આણંદ જીલ્લાની આઠ તાલુકા પંચાયતમાં આજે પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ચૂંટણી યોજાનાર છે. આ આઠ પૈકી સાત તાલુકા પંચાયતમાં ભાજપ પાસે સ્પષ્ટ બહુમત હોવાના કારણે ચૂંટણી બિનહરીફ થવાની શક્યતા છે. જ્યારે આંકલાવ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસે બહુમત છે, પરંતુ આજરોજ અહીંયા ભાજપના ઉમેદવારોએ ફોર્મ ભરતા ઉત્તેજના વધવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આજરોજ ભાજપ હસ્તકની સાત તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ઉમેદવારોના નામ જાહેર થતાં જ નામાંકન પત્ર ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ આવતીકાલે તા.૧૨ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨ કલાકે આણંદ જીલ્લાની આઠ તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાવાની છે. જીલ્લાની આઠ પૈકી એક માત્ર આંકલાવ તાલુકા પંચાયતમાં કોંગ્રેસની સ્પષ્ટ બહુમતી છે. જ્યારે અન્ય સાત તાલુકા પંચાયતમાં સત્તા ભાજપ હસ્તક છે. જીલ્લાની આ તમામ તાલુકા પંચાયતોમાં અઢી વર્ષની બીજી ટર્મ માટે ચૂંટણી યોજાઈ રહી છે. ભાજપ હસ્તકની સાત તાલુકા પંચાયતમાં સંભવિત દાવેદારોએ છેલ્લા પંદર દિવસ દરમ્યાન એડીચોટીનું જોર લગાવી દીધું હતું. છેવટે પંચાયતના સભ્યોની સેન્સ લીધા બાદ સંભવિતોની યાદી પ્રદેશ કક્ષાએ મોકલી આપી હતી. જ્યાં પાર્લામેન્ટરીની બેઠક દરમ્યાન આણંદ જીલ્લાની આ સાત પંચાયતોના પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ઉમેદવારોના નામ ઉપર આખરી મ્હોર મારવામાં આવી હતી. ત્યારબાદ આજરોજ સવારે ૧૧ કલાકે જીલ્લાની સાત તાલુકા પંચાયતના પ્રમુખ - ઉપપ્રમુખના નામોની સત્તાવાર જાહેરાત જીલ્લા કાર્યાલયથી કરવામાં આવી હતી. આજરોજ નામાંકન પત્ર ભરવાના હોવાથી જીલ્લા ભાજપ સંગઠન દ્વારા દરેક તાલુકા પંચાયત ખાતે બે પ્રતિનિધિઓને મોકલવામાં આવ્યા હતા. જેઓની ઉપસ્થિતીમાં ઉમેદવારોએ ફોર્મ રજૂ કર્યા હતા. જીલ્લાની આઠ પૈકી સાત તાલુકા પંચાયતમાં બીજી ટર્મ માટેના પ્રમુખ - ઉપપ્રમુખ તરીકે સત્તાવાર જાહેરાત આવતીકાલે ચૂંટણી અધિકારી દ્વારા કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપ દ્વારા આ વખતે નો-રિપીટ થિયરી અમલમાં લાવતા જીલ્લાના કેટલાક મજબૂત દાવેદારોની પણ બાદબાકી થયેલ છે.

મડાગાંઠ બાદ ઉકેલ

આણંદ જીલ્લાની પેટલાદ અને બોરસદ તાલુકા પંચાયતમાં પણ આવતીકાલે પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી યોજાનાર છે. જે પૈકી પેટલાદ તાલુકા પંચાયતના પ્રમુખ પદ માટે સોનલબેન પટેલે (આમોદ) ફોર્મ ભર્યું છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ ઠાકોર (જોગણ) ની પસંદગી કરવામાં આવી હતી. પરંતુ તેઓ પેટલાદ તાલુકા પંચાયતમાં પ્રથમ ટર્મ દરમ્યાન પક્ષના નેતા તરીકે જવાબદારી સંભાળતા હતા. જેથી મડાગાંઠ પડી હતી. છેવટે તેઓના બદલે કિરણભાઈ પરમાર (બાંધણી ૨)ને ઉપપ્રમુખ તરીકે ઉમેદવારી ભાજપ દ્વારા કરાવવામાં આવી હતી. તેવી જ રીતે બોરસદ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ માટે પસંદ કરાયેલ ઉમેદવારની જગ્યાએ અંતિમ સમયે લક્ષ્મીબેન પરમાર (બોચાસણ)ની પસંદગી પાર્ટી દ્વારા કરવામાં આવી હતી.

આંકલાવમાં મતદાનની શક્યતા

જીલ્લાની એકમાત્ર આંકલાવ તાલુકા પંચાયત કોંગ્રેસ હસ્તક છે. અહીંયા કુલ ૨૦ પૈકી ૧૩ બેઠક કોંગ્રેસને મળી હતી અને ૭ બેઠક ભાજપના ફાળે હતી. હવે બીજી ટર્મ માટે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આવતીકાલે યોજાવાની છે તે પૂર્વે આજરોજ કોંગ્રેસ તરફથી પ્રમુખ પદ માટે ઉષાબેન પઢિયારે (કહાનવાડી) અને ઉપપ્રમુખ માટે સંજયભાઈ પઢિયારે (આસોદર ૨) ઉમેદવારી નોંધાવી છે. અહીંયા ભાજપ પાસે પૂરતું સંખ્યાબળ નહીં હોવા છતાં પ્રમુખ માટે પુનમભાઈ પરમારે (ભેટાસી બા.ભાગ) અને ઉપપ્રમુખ માટે રંજનબેન ઠાકોરે (નવાખલ) નામાંકન પત્ર રજૂ કરતાં ઉત્તેજના વધી જવા પામી હોવાનું જાણવા મળે છે. જોવાનું એ રહેશે કે અહીંયા કોંગ્રેસ સત્તા ઉપર યથાવત્ રહે છે કે ભાજપ સત્તા આંચકી લે છે ?

ભરૂચ જિલ્લાના શિક્ષકોએજ પડતર વિવિધ માંગણીઓ મુદ્દે થાળી વગાડી વિરોધ કર્યો

(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

(પ્રતિનિધિ) ભરૂચ, ભરૂચ જીલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોએ પોતાના પડતર પ્રશ્નોની માંગણીઓને લઈને શાળાના મેઈન ગેટ પર પ્લેકાર્ડ તથા બેનર સાથે થાળી વગાડી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ગત વિધાનસભાની ચૂંટણીમાં સરકારે વાયદાઓ કર્યા હતા કે, શૈક્ષણિક વિભાગમાં પડેલી તમામ ખાલી જગ્યાએ ભરી દઈશું,૧-૪-૨૦૦૫ પહેલા લાગેલા કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપીશું,નવા આચાર્ય બનેલાને નવા ઠરાવનો લાભ આપીશું, બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી ૧૦૦ ટકા કરીશું.પરંતુ સરકારે ચૂંટણી સમયે આપેલા એકપણ વાયદાઓનો આજદિન સુધી પરિપત્ર કર્યો નથી.ત્યારે સરકારને પોતાના વાયદાઓ યાદ અપાવવા માટે આ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું અને સરકાર ઉપરોક્ત તમામ માંગ ઝડપથી પૂર્ણ કરી પરિપત્ર કરે તેવી માંગ કરી છે.

ભરૂચ જીલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શાળા છૂટ્યા પછી પોતાના પડતર પ્રશ્નોની માંગણીઓને સ્વરૂપે થાળી વગાડી અને વિવિધ માંગણીઓ દર્શાવતા બેનર રાખી શિક્ષકો દ્વારા પ્રદર્શન કરાયું હતું અને સરકારે પડતર પ્રશ્નો સ્વીકાર્યા છે પરંતુ શાળા ચાલુ થઈ ગયા છતાં આજદિન સુધી પરિપત્રો કર્યા નથી.જેથી વહેલી તકે નિરાકરણ કરવામાં આવે તે માટે આંદોલન શરૂ કરાયું હોવાનું ભરૂચ જીલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ પ્રમુખ રવિન્દ્ર પટેલે જણાવ્યુ હતું.

તો બીજી તરફ શાળા છૂટયા બાદ વિરોધ કરી રહેલા શિક્ષકો નજીકથી વિદ્યાર્થીઓ પસાર થઈ રહ્યા હતા અને તેઓએ પણ શિક્ષકો શા માટે વિરોધ કરી રહ્યા છે.તે જાણવાના પ્રયાસો કર્યા હતા અને જાણ્યા બાદ સરકાર દ્વારા તેઓની માંગ વહેલી ટકે પૂર્ણ કરવામાં આવે તેવી આશા રાખી રાખ્યા છે.જેથી વિદ્યાર્થીઓનું ભણતર બગડે નહિ.

ટીડીપીના અધ્યક્ષ ચંદ્રબાબુ નાયડુ ભ્રષ્ટાચાર કેસમાં ૧૪ દિવસની ન્યાયિક હિરાસતમાં

હૈદરાબાદ, તેલુગુ દેશમ પાર્ટીના અધ્યક્ષ એન ચંદ્રબાબુ નાયડુને ભ્રષ્ટાચારના કેસમાં ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. તેમની ધરપકડના એક દિવસ બાદ રવિવારે સવારે તેને એન્ટી કરપ્શન બ્યુરો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. વિજયવાડા સ્થાનિક અદાલતે કૌશલ્ય વિકાસ નિગમ કૌભાંડ કેસમાં ટીડીપી વડાને કસ્ટડીમાં મોકલવાનો ચુકાદો આપ્યો હતો. ટીડીપીના વરિષ્ઠ નેતાઓ અને પક્ષના કાર્યકરો ચુકાદાની ઘોષણા દરમિયાન કોર્ટ પરિસરમાં એકઠા થયા હતા. તે જાણીતું છે કે સુપ્રીમ કોર્ટના વકીલ સિદ્ધાર્થ લુથરા અને વકીલોની એક ટીમ આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી નાયડુનું પ્રતિનિધિત્વ કરી રહી છે.

ચંદ્રાબાબુ નાયડુને શનિવારે રાત્રે ૩.૪૦ કલાકે મેડિકલ તપાસ માટે વિજયવાડાની સરકારી જનરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ પહેલા કંચનપલ્લી સ્થિત સીઆઈડી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની ઓફિસમાં લગભગ ૧૦ કલાક સુધી તેની પૂછપરછ કરવામાં આવી હતી. હોસ્પિટલમાં લગભગ ૫૦ મિનિટ સુધી તપાસ કર્યા બાદ નાયડુને એસઆઈટી ઓફિસ પરત લઈ જવામાં આવ્યા હતા. તેને સીધો જ સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતાઓ હતી.

ટીડીપીના પ્રવક્તા પટ્ટાભી રામ કોમરેડ્ડીએ જણાવ્યું હતું કે પાર્ટી ચીફના પુત્ર નારા લોકેશ, તેમની પત્ની નારા ભુવનેશ્વરી અને અન્ય લોકો એસીબી કોર્ટમાં રાહ જોઈ રહ્યા હતા. ''અમે વિચાર્યું કે નાયડુને કોર્ટમાં લઈ જવામાં આવશે, પરંતુ તેઓ તેમને SIT ઓફિસમાં પાછા લઈ ગયા,'' કોમરેડ્ડીએ કહ્યું. લોકેશ અને ભુવનેશ્વરી કોર્ટમાં રાહ જોઈ રહ્યા હતા, પરંતુ અચાનક કાફલો SIT ઓફિસ તરફ વળ્યો. અમને શંકા થવા લાગી કે આવું કેમ કરવામાં આવ્યું.

પોલેન્ડની યુવતી ભારતીય પ્રેમી સાથે લગ્ન કરવા આવી પહોંચી

(એજન્સી) હઝારીબાગ, કહેવાય છે કે પ્રેમ સરહદોને ઓળખતો નથી. આવી જ એક પ્રેમ કહાણી પોલેન્ડની બાર્બરા પોલક અને હજારીબાગના ખુત્રા ગામના શાદાબ વચ્ચેની છે. પોલેન્ડથી હજારીબાગના ખુત્રા ગામમાં એકબીજા સાથે જીવન વિતાવવા આવેલા બાર્બરા પોલક અને શાદાબ આવતીકાલે લગ્ન કરશે. આ બંનેએ ઓગસ્ટ મહિનામાં જ હજારીબાગ રજીસ્ટ્રેશન ઓફિસમાં આ માટે અરજી કરી હતી. આ અંગે માહિતી આપતા બંનેના વકીલ કુમારી મમતાએ જણાવ્યું કે રાજ્યમાં આ પ્રકારના પ્રથમ લગ્ન છે. જ્યાં બે દેશોના પ્રેમીઓ લગ્નના બંધનમાં બંધાઈ રહ્યા છે. આ કારણે લગ્નજીવનમાં ઘણી સમસ્યાઓ આવી હતી પરંતુ બંને પ્રેમીઓ શરૂઆતથી અંત સુધી સાથે લડ્યા. બંનેએ શનિવારે રજીસ્ટ્રેશન ઓફિસમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. સોમવારે પોલક અને શાદાબ બંને એકબીજાના બની જશે. શાદાબે કહ્યું કે અમારા બંનેની લવ સ્ટોરી પણ ઘણી રસપ્રદ રહી છે. શાદાબ બોલિવૂડમાં સંઘર્ષ કરી રહ્યો છે અને ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવે છે અને શેર પણ કરે છે.

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

મહુધામાં નગરપાલિકાના સફાઈ કામદારો વિવિધ પડતર માંગણીઓ મામલે હડતાળ પર

(પ્રતિનિધિ) નડિયાદ, મહુધા ખાતે આવેલ નગરપાલિકાના સફાઈ કામદારો પોતાની વિવિધ પડતર માંગણીઓ મામલે આજે હડતાળનુ શસ્ત્ર ઉગમ્યું છે. આ મામલે અગાઉ પાલિકામાં રજૂઆત પણ કરાઈ હતી. પરંતુ આજ દિન સુધી નિરાકરણ ન આવતાં મામલો ગરમાયો છે મહુધા નગરપાલિકાના અંદાજીત ૨૨ જેટલા સફાઈ કામદારો આજે નગરપાલિકા કચેરી સામે હડતાલ ઉપર ઉતર્યા છે.મહુધા નગરપાલિકાના ફરજ બજાવતા સફાઈ કામદારોએ તારીખ ૪ એપ્રિલ ૨૦૨૩ના રોજ નગરપાલિકાના અધિકારીઓને આવેદનપત્ર આપી રજૂઆત કરતા જણાવ્યું હતું કે, પાર્ટ ટાઈમ કામદારોને ફુલ ટાઈમ કરવા તેમજ સફાઈ કામદાર તરીકે નિમણૂક પામેલા અન્ય કામગીરી કરતા કામદારોને સફાઈ કામગીરી સોંપવા જેવી વિવિધ માંગણીઓ રજૂ કરી હતી. પરંતુ લાંબા દિવસોના અંતે પણ નગરપાલિકા દ્વારા કોઈ જ નિરાકરણ લાવવામાં ન આવતા છેવટે આ ૨૨ જેટલા સફાઈ કામદારોઆજે સોમવારે મહુધા નગરપાલિકા સામે હડતાલ ઉપર ઉતર્યા હતા.

કઠલાલના વિશ્વનાથપુરા ગામે મકાન પડતાં એકનું મોત : પાંચ ઘાયલ

(પ્રતિનિધિ) નડિયાદ, કઠલાલના વિશ્વનાથપુરા ગામે કાચુ પતરાવાળુ મકાન દિવાલ સાથે અચાનક ધરાશાઈ થતાં ભારે અફડાતફડી મચી જવા પામી છે. આ દુર્ઘટનામાં એક કિશોરનું મોત નિપજ્યું છે. જ્યારે પરિવારના ૫ લોકો ઘાયલ થયા છે. બનાવ બાદ પોલીસ તેમજ મામલતદાર ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

મળતી માહિતી મુજબ કઠલાલ તાલુકાના લસુન્દ્રા નજીક આવેલ વિશ્વનાથપુરા ગામે આજે સોમવારે એક દુર્ઘના સર્જાઈ છે. અહીંયા કાચા પતરાવાળુ મકાન એકાએક ધડામ કરતા દિવાલ સાથે ધરાશાયી થતાં નાસભાગ મચી જવા પામી છે. ડાભી શીવાભાઈ અમરાભાઈનુ મકાન એકાએક પતરા સાથે ધડામ કરતા પડતાં ઘરમાં હાજર ૬ એક સભ્યોને મકાનનો કાટમાળ વાગતા ઈજા પહોંચી હતી. આ પૈકી એક કિશોરનું કાટામાળ નીચે દબાઈ જતાં ઘટના સ્થળે જ મોત નિપજયું હતું.પરિવારના ઘાયલ અન્ય ૫ વ્યક્તિઓને તુરંત સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કઠલાલ મામલતદાર સહિત પોલીસનો સ્ટાફ બનાવ સ્થળે દોડી આવ્યો હતો. મામલતદાર દ્વારા મળેલી વિગતો મુજબ આ બનાવમાં મરણજનાર ભુરાભાઈ શિવાભાઈ ડાભી (કિશોર અવસ્થા) છે. જ્યારે ઈજાગ્રસ્તોમા શિવાભાઈ અમરાભાઈ ડાભી (ઉ.વ.૬૦), ઈન્દુબેન શીવાભાઈ ડાભી (ઉ.વ.૫૫), શંકરભાઈ શીવાભાઈ ડાભી, મીનાબેન શીવાભાઈ ડાભી (ઉ.વ.૨૫) અને ભાણીયો અજય વિષ્ણુભાઈ ગોહિલ (ઉ.વ.૧૬)નો સમાવેશ થાય છે. પોલીસે અને મામલતદારે આ મામલે કાર્યવાહી હાથ ધરી છે.

નડીઆદ શહેરમાં આવેલ માઈ મંદિર ખાતે મંદિરના મંહત શ્રી માઇધર્મ પીઠાધિશ્વર હરેન્દ્રપ્રસાદ મહારાજે પુજા કરી હતી પવિત્ર શ્રાવણ મહિનાનો આજે છેલ્લો સોમવાર હોઈ વહેલી સવારથી જ દર્શન માટે ભાવિકોની ભીડ ઉમટી પડી હતી અને હર હર મહાદેવના નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા.
(તસ્વીરઃ- સાજીદ સૈયદ, નડિયાદ)

કેબીએસ એન્ડ નટરાજ કોલેજના વિદ્યાર્થીઓ યોગાસનમાં ઝળક્યા

(તસ્વીરઃ અશોક જોષી)

(પ્રતિનિધિ) વાપી. વાપી ખાતે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમારીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપી માં શિક્ષણ ની સાથે વિવિધ ક્ષેત્રોમાં તાલીમ આપવામાં આવે છે . આ તાલીમ દરમિયાન દરેક વિદ્યાર્થીઓને સદર પ્રવૃત્તિ તથા રમતનું ખુબજ ઊંડાણથી સમજની સાથે પ્રાયોગિક તાલીમ પણ આપવામાં આવે છે. ગુજરાત યોગાસન એન્ડ સ્પોર્ટ્સ એસોસીએસન અંતર્ગત વલસાડ જીલ્લા યોગાસન એન્ડ સ્પોર્ટ્સ એસોસીએસન ચેમ્પીયન્શીપ ૨૦૨૩ દ્વારા આયોજિત યોગાસન ની સ્પર્ધામાં વલસાડ જિલ્લાની વિવિધ કોલેજ માંથી મોટી સંખ્યામાં યોગમીત્રોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં સદર કોલેજની વિદ્યાર્થિની કુમારી રીના શિવ કુમાર પ્રજાપતિ (S.Y.B.SC.) એ આર્ટેસ્ટીક યોગાસનમાં પ્રથમ સ્થાને તેમજ કુમારી સોનલ ચોરસિયા (S.Y.B.Com.) ટ્રેડીશનલ યોગાસનમાં દ્વિતીય સ્થાનમાં રહેતા આયોજકો તરફથી સર્ટીફીકેટ ઓફ મેરીટ એનાયત કરવામાં આવ્યું હતું. યોગાસન ની તમામ પ્રકારની તાલીમ તેમજ શિક્ષણની સાથે માર્ગદર્શન સ્પોર્ટ્સના મદદનીશ પ્રાધ્યાપક ડૉ. મયુર એમ. પટેલે પૂરું પડ્યું હતું. આમ સમગ્ર જીલ્લા લેવલે કોલેજ નું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ. પુનમ બી. ચૌહાણે માર્ગ દર્શકનો આભાર વ્યકત કરી વિજેતા મિત્રોને અભિનંદન પાઠવીને ભવિષ્યમાં પણ વિજેતા બનવા તેમજ કોલેજનું નામ રોશન કરવા માટે શુભેચ્છા પાઠવતા આહવાન આપ્યું હતું.

દેવીબેગ શોપિંગ મોલ દ્વારા ગુજરાતમાં તેની ૧૮મી બ્રાન્ચ લોન્ચ

અમદાવાદ, દેવીબેગ શોપિંગ મોલ પ્રા.લી ડાયરેક્ટર શ્રી આશિષ શર્મા જેમણે પોતાના જીવનની શરૂવાત એક નાનકડી બેગની દુકાનથી લઈને પોતાના સપનાઓની એક એવી ગગન ચુંબી ઈમારત બનાવી દીધી કે જે આજે એક નાનકડી બેગની દુકાનથી એક પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ફેરવાઈને દેવી બેગ શોપિંગ મોલ પ્રા.લિ.ના નામે ઓળખાય છે. જે ભારતની સૌથી મોટી અને પેહલી લગેજ રિટેઈલ પ્રાઈવેટ લિમિટેડ કંપની છે. જે સમગ્ર ગુજરાતમાં ફ્રેંચાઈસી આપવા જઈ રહી છે. આ ફ્રેંચાઈઝી અંતર્ગત જે કોઈ પણ ઈન્વેસ્ટર જોડાશે તેઓને ખુબજ મોટા પાયે ફાયદો મળી રહેશે. કંપનીના એમડી શ્રી આશિષ શર્મા પોતાના જન્મદિવસ નિમિતે કરેલ જાહેરાતમાં તે પણ ઉમેર્યું હતું કે, જે કોઈ પણ નાનામોટા બિઝનેસ કરનાર લોકો ફ્રેંચાઈઝી દ્વારા દેવીબાગ સાથે જોડાવા માંગતાં હોય તેઓ જોડાઈ શકે છે.

શ્રી આશિષ શર્માની દેવી પ્રત્યેની આ શ્રદ્ધા સાકાર થઈને હાલ અમદાવાદના દરેક વિસ્તારમાં ૧૭ મોલ ઉપસ્થિત છે અને દેવીના પ્રતાપથી હવે દેવી બેગ શોપિંગ મોલ પ્રા.લિ.ની ૧૮મી બ્રાન્ચ માં ખુલી રહેલ છે. શ્રી આશિષ શર્મા સારા બિઝનેસમેન નહિ પરંતુ એની સાથે સાથે એક સારા વ્યક્તિત્વ ધરાવતા અને ઉદાર મનના માલિક પણ છે.

આ પ્રસંગે આશિષ શર્મા દ્વારા જણાવામાં આવ્યું કે, પવન વેગે દેવીના આશીર્વાદથી દેવીબેગ શોપિંગ મોલ પ્રાઈવેટ લિમિટેડ હવે અમદાવાદથી લઈને ગુજરાત તથા ભવિષ્યમાં ભારત દેશમાં દરેક વિસ્તાર સુધી પોંહચાડશે અને જેની શરૂવાત ટૂંક સમયમાં ઉત્તર ગુજરાતથી શરૂ કરવામાં આવશે. આપણા માનનીય પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિચારો ×વોકલ ટુ લોકલ× તથા તથા ''આત્મનિર્ભર ભારત'' સાથે ગરીબોના રોજગાર પુરી પાડવામાં દેવી બેગ શોપિંગ મોલ પ્રા.લી સાથ સહકાર આપશે. આ સાથે સાથે મહિલાઓને પણ આત્મનિર્ભર ભારતમાં દેવીબેગનો હંમેશા સાથે રહેશે. દેવી બેગ આવનાર સમયમાં ગુજરાત અને સમગ્ર ભારતમાં પોતાની કામગીરી વિસ્તૃત કરશે. દેવીબેગ નાનામાં નાના ગામડાં સુધી પણ પહોંચવા માંગે છે. લાઈફટાઈમ સર્વિસ એ દેવીબેગ પ્રાઈવેટ લિમિટેડની મોનોપોલી છે.

નામ બદલેલ છે
મેં મારું નામ **સખીદાસ હર્ષિતકુમાર ભરતકુમાર** હતું, જે બદલીને **શાહ હર્ષિત ભરતકુમાર** કરેલ છે.
સરનામું : ૧૩૧૧, રાધે ટેનામેન્ટ સરદાર સોસાયટી રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧
2871

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન
શુધ્ધિપત્ર
ટેન્ડર દસ્તાવેજ નો ટેન્ડર નં. ડીઆરએમ બીઆરસી 083, નો ટેન્ડર નં. ડીઆરએમ બીઆરસી 083 નો સુધારો. 1. ટેન્ડર નંબર માટેના ટેન્ડર દસ્તાવેજમાં કેટલીક પ્રકાશિત થયેલ ભુલને કારણે **2023-24 ના ટેન્ડર સૂચના નંબર ડીઆરએમ/ બીઆરસી/ 083 માં ડીઆરએમ/ બીઆરસી/083 ના 2023-24 તારીખ 01.09.2023** નવા ટેન્ડર દસ્તાવજ હવે IREPS પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યા છે. **2.** એલસી નંબર 24 કટ અને કવર પદ્ધતિથી કરવાનું છે, આ એલસી પરના બોક્સને દબાણ કરવું શક્ય નથી કે જેના માટે આઈટમ નં. 31151 ને શેડ્યુલ-એમાં સામેલ કરવામા આવી છે. અને બોક્સ પુરિશ આઈટમ નંબર 31120 અને 31121ની જગ્યાએ કામના અમલીકરણની એર-પુરિશ પદ્ધતિ માટે આઈટમ નંબર 31130 ની જરૂર છે. **3.** આઈટમ નંબર. 31120 અને 31121 પરિશિષ્ટ-એ માંથી દૂર કરવામાં આવ્યા છે. તેની જગ્યાએ આઈટમ નં. 31130 અને 31151 ને પરિશિષ્ટ-એમાં સમાવેશ કરવામાં આવી છે. **4.** આઈટમ નંબર 22011 ની માત્રા તદ્અનુસાર બદલવામાં આવી છે અને તે 87360.00 ને બદલે 112004.94 તરીકે વાંચી શકાય છે. **5.** જાહેરાત ની ક